# BUSINESS મિત્ર

**વૈશ્વિક અનિશ્ચિતતા અને વીકલી એક્સપાયરીના દિવસે બેઉતરફી ઉથલપાથલ; મેટલમાં કડાકો, FMCG-IT અને બ્રોડર માર્કેટમાં સુધારાની ચમક**

# સેન્સેક્સ 78000ને પાર, નિફ્ટીમાં નરમાઈ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 13:** પશ્ચિમ એશિયાના તણાવની અસર આજે પણ ભારતીય શેરબજારમાં અસર ચાલુ રહેવા પામી હતી. જોકે, સેન્સેક્સ વીકલી એક્સપાયરીના લીધે વેચવાલી રહી હતી પણ છેલ્લે બેઉતરફી વધઘટે મિશ્ર વલણ રહ્યું હતું. જેના લીધે નિફ્ટીએ 24400 પોઈન્ટની સપાટી તોડી હતી, જ્યારે સેન્સેક્સ સુધરીને 78000 પોઈન્ટની ઉપર બંધ રહ્યો હતો. જ્યારે બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો.

સેક્ટર વાઈઝ જોઈએ તો મેટલ, પ્રાઈવેટ બેન્ક અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે એફએમસીજી, આઈટી અને મીડિયા શેરોમાં સુધારો જોવાયો હતો. એઆઈ સર્વર નિર્માતાએ નાણાકીય વર્ષ 2027ની આવકની આગાહી કર્યા પછી સુપર માઈક્રો કમ્પ્યુટરમાં 19 ટકાનો વધારો થયો હતો. ચિપમેકર્સે પણ વધારો કર્યો હતો, જેમાં એનવીડિયા અને માઈક્રોને ટેકનોલોજી વધ્યો હતો.

બીએસઈ સેન્સેક્સ 113.61 પોઈન્ટ એટલે કે 0.15 ટકા વધીને 78000 પોઈન્ટની સપાટી કુદાવીને 78079.96 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78119 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77665 સુધી ઘટ્યો હતો. નિફ્ટી 40.10 પોઈન્ટ એટલે કે 0.16 ટકા ઘટીને 24400 પોઈન્ટની સપાટી તોડીને 24395.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં 24311 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 250.60 પોઈન્ટ એટલે કે 0.43 ટકા ઘટીને 57635.25 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે અલ્ટ્રાટેક સિમેન્ટમાં 181.44 ગણા, એસ્ટ્રલ લિ.માં 25.73 ગણા, સાયન્ટ લિ.માં 22.02 ગણા, સન ટીવી નેટવર્કમાં 16.26 ગણા, સારદા એનર્જીમાં 10.96 ગણા કામકાજ નોધાયા છે. એનએસઈ ખાતે સારદા એનર્જીમાં 65.12 ગણા, એસ્ટ્રલ લિમાં 33.67 ગણા, સન ટીવી નેટવર્કમાં 16.39 ગણા, લેન્સકાર્ટ સોલ્યુશન્સમાં 7.96 ગણા અને ઈપ્કા લેબમાં 7.89 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.29 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.09 ટકા સુધારો જોવાયો હતો. જ્યારે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2198 શેરો વધ્યા હતા, જ્યારે 2120 શેરો ઘટ્યા હતા અને 238 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 1.05 ટકા ઘટ્યો હતો. જેમાં નેલ્કો, સેઈલ, હિન્ડાલ્કો, વેદાન્તા, જિન્દાલ સ્ટીલ, ટાટા સ્ટીલ, એનએમડીસી, હિન્દુસ્તાન ઝીંક, અદાણી એન્ટરપ્રાઈઝ અને હિન્દુસ્તાન કોપર ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુકેના આર્થિક વિકાસમાં મંદી અને યુએસ-ઈરાન સંઘર્ષની આસપાસ અનિશ્ચિતતા હોવા છતાં યુરોપિયન બજારો આગળ વધ્યા હતા. યુકે ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટીક્સના પ્રારંભિક ડેટા જણાવે છે કે, બીજા કવાર્ટરમાં જીડીપી 0.4 ટકા વધ્યો છે, જે પ્રથમ કવાર્ટરમાં 0.6 ટકાની વૃદ્ધિથી મધ્યમ છે. યુકેના અર્થતંત્રમાં મુખ્ય ફાળો આપનાર સેવાઓનું ઉત્પાદન કવાર્ટર દરમ્યાન 0.5 ટકા વધ્યું હતું. યુએસ ફુગાવાના ડેટા અપેક્ષા મુજબ આવ્યા પછી એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. જેના કારણે નજીકના ગાળાના ફેડરલ રિઝર્વ રેટમાં વધારાની અપેક્ષાઓ ઓછી થઈ ગઈ હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.32 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.12 ટકા અને ડેક્સ 0.46 ટકા સુધારા સાથે ચાલી રહ્યા હતા. એશિયન બજારોમાં સ્ટ્રેઈટસ 0.01 ટકા, હેંગસેંગ 0.21 ટકા, જકાર્તા 1.14 ટકા અને શાંઘાઈ 0.50 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે નીક્કી 1.28 ટકા, તાઈવાન 1.09 ટકા, કોસ્પી 3.44 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો ફરીથી નબળો પડ્યો

કરન્સી બજારમાં ડોલરમાં ફરી એકવાર મજબૂતાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 10 પૈસા નબળો પડ્ હતો અને 95.44ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.34ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.70, પાઉન્ડ 128.97, કેનેડિયન ડોલર 68.66, ઓસ્ટ્રેલિયન ડોલર 66.80, જાપાનીઝ યેન 0.5989 અને સીંગાપોર ડોલર 74.56ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.44 રૂ. |
| યુરો | 109.70 રૂ. |
| પાઉન્ડ | 128.97 રૂ. |
| યેન | 0.5989 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 113.61 | 78079.96 |
| નિફ્ટી | -40.10 | 24395.85 |
| બેન્ક નિફ્ટી | -250.60 | 57635.25 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા કન્ઝ્યુમર | 2.69 | 1090.50 |
| ટીએમપીવી | 1.92 | 349.60 |
| એનટીપીસી | 1.41 | 344.25 |
| એચયુએલ | 1.41 | 2092.00 |
| શ્રીરામ ફાઇનાન્સ | 1.35 | 1132.30 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્ડાલ્કો | 2.99 | 1046.25 |
| ICICI બેન્ક | 1.74 | 1406.80 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.56 | 11706.00 |
| ગ્રાસીમ ઇન્ડ. | 1.54 | 3257.00 |
| પાવરગ્રીડ | 1.06 | 266.60 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ | 2.86 | 5390.00 |
| એનટીપીસી | 2.01 | 345.10 |
| બીઇએલ | 1.98 | 412.00 |
| લાર્સન-ટુબ્રો | 1.95 | 4070.00 |
| એચયુએલ | 1.72 | 2093.20 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ICICI બેન્ક | 1.26 | 1410.00 |
| ટાઇટન કંપની | 1.08 | 5050.60 |
| રિલાયન્સ ઇન્ડ. | 0.80 | 1316.45 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.73 | 11750.00 |
| ઇન્ફોસીસ | 0.50 | 1169.90 |

# ટાટા સન્સમાં એન. ચંદ્રશેખરના રાજીનામા બાદ નવા ચેરમેનની શોધ શરૂ

**સિલેક્શન** કમિટીની રચના માટે ઠરાવ પસાર; ટાટા સ્ટીલના MD ટીવી નરેન્દ્રન નવા બોસ બનવાની રેસમાં સૌથી આગળ

મુંબઈ, તા. 13: ટાટા ગ્રુપે ટાટા સન્સના નવા ચેરમેનની શોધ પ્રક્રિયા શરૂ કરી હતી. ચંદ્રશેખરે 12 ઓગસ્ટે ટાટા સન્સના અધ્યક્ષ પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. જોકે, તેઓ 20 ફેબ્રુઆરી 2027 સુધી આ પદ પર રહેશે. આ પહેલા ટાટા સન્સના નવા ચેરમેનનાનામની જાહેરાત કરવી પડશે. ટાટા ગ્રુપ દેશનું સૌથઈ મોટું બિઝનેસ ગ્રુપ છે. આ જુથની લગભગ ત્રણ ડઝન કંપનીઓ સ્ટોક એકસચેન્જમાં સુચિબદ્ધ છે.

ટાટા સન્સના અધ્યક્ષના એન ચંદ્રશેખરના અચાનક રાજીનામા બાદ નવા અનુગામી તરીકે ટાટા સ્ટીલના એમડી ટીવી નરેન્દ્ર રેસમાં સૌથી આગળ છે. નરેન્દ્ર મોદી 1988થી ટાટા ગ્રુપ સાથે સંકળાયેલા છે. જેઓની કારકિર્દીની શરૂઆતથી જ ટાટા સ્ટીલમાં રહી છે.

ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ 13 ઓગસ્ટે એક ઠરાવ પસાર કર્યો હતો. જે સિલેકશન કમિટિની રચનાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. આ સમિતિ ટાટા સન્સના બોર્ડ ઓફ ડિરકેટર્સના નવા ચેરમેન નિમણુક કરવામાં આવનાર વ્યક્તિના નામની ભલામણ કરશે. ટ્રસ્ટે જણાવ્યું હતું કે, ટાટા સન્સ નેતૃત્વ પરિવર્તનની પ્રક્રિયાને સરળ બનાવવા માટે ટાટા સન્સને સંપુર્ણ સમર્થન આપશે.

છેલ્લા એક વર્ષમાં ટાટા ગ્રુપે અનેક પડકારોનો સામનો કરવો પડ્યો છે. ગત વર્ષે અમદાવાદમાં એક મોટી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ એર ઈન્ડિયાને વ્યાપક નિયમનકારી તપાસનો સામનો કરવો પડયો હતો. ટાટા ગ્રુપની સૌથી મોટી કંપની ટીસીએસ પર ભાવનું દબાણ છે. બીજી તરફ, સાયબર હુમલાએ જેએલઆરના ઉત્પાદનને અસર કરી હતી.

# ભારત 2036 સુધીમાં 20 ટ્રિલિયન ડોલરની ઇકોનોમી બની શકે

**જોકે,** 20 સુધારાઓ કરશે તો જ લક્ષ્ય 10 વર્ષમાં પ્રાપ્ત થઇ શકે: ઇક્વિરસ

નવી દિલ્હી, તા. 13: ભારત 10 વર્ષમાં 20 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બની શકે છે, પણ તેના માટે મોટા સુધારા કરવા પડશે. ઈન્વેસ્ટમેન્ટ બેન્ક ઈક્વિરસના એમડી અને ચેરમેન અજય ગર્ગે જણાવ્યું હતું કે, વર્ષ 2036 સુધીમાં ભારતે 20 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવા માટે 20 સુધારાઓ કરવા પડશે.

હાલમાં ભારતની ઈકોનોમી 4 ટ્રિલિયન ડોલરની થઈ ગઈ છે. આજે ભારતની અર્થવ્યવસ્થા યુરોપના અનેક દેશો કરતા પણ મોટી છે. પરંતુ ભારતમાં માથાદીઠ આવક હજુય પણ માત્ર 3000 ડોલર છે. માથાદીઠ આવકની દ્રષ્ટિએ ભારત યુરોપિયન દેશો કરતા ઘણું પાછળ છે.

ઈક્વિરસે બહાર પાડેલા રિપોર્ટમાં જણાવ્યું છ કે, ભારત માટે 20 જેટલા સુધારાઓ આવશ્યક છે અને તેનાથી ઈકોનોમીને બુસ્ટ મળી શકે છે. ઈક્વિરસનું માનવું છે કે આ સુધારાઓ આગામી દાયકામાં ભારતના જીડીપીમાં લગભગ પાંચ ગણો વધારો કરશે. આ સુધારા વિના ભારતને 20 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવામાં 21 વર્ષ લાગી જશે. ગર્ગે કહ્યું કે જો દરેક ક્ષેત્રમાં ભારતનો વિકાસ છેલ્લા 10 વર્ષ જેટલો જ છે, તો 20 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાના સ્તર સુધી પહોંચવામાં 21 વર્ષનો સમય લાગશે. પરંતુ, જરૂરી સુધારાઓ કરીને, આ સ્તર 2036 સુધીમાં હાંસલ કરી શકાય છે. તેમણે કહ્યું કે આ રોડમેપમાં ડોલર સામે રૂપિયાની સંભવિત મજબૂતીને ધ્યાનમાં લેવામાં આવી નથી.

ઈક્વિરસ રિપોર્ટમાં સમાવિષ્ટ સુધારાઓમાં કોર્પોરેટ બોન્ડ માર્કેટ પ્રથમ ક્રમે છે. ગર્ગે કહ્યું કે ભારતમાં બોન્ડ માર્કેટ તેના શેરબજાર કરતા ઘણું ઓછું વિકસિત છે. આનું મુખ્ય કારણ બોન્ડ સાથે જોડાયેલા ટેક્સ નિયમો છે. જેમાં સુધારાઓ આવશ્યક છે.

# વાહન ઉત્પાદકો દ્વારા ભાવ વધારાનો બીજો રાઉન્ડ!

**સ્ટીલ 24%,** રબર 53% અને તાંબુ 10% મોંઘું થતાં ઓટો કંપનીઓના માર્જિન પર મોટું દબાણ

**ટાટા** મોટર્સ અને M&M ફરી વધારી શકે છે કિંમતો

મુંબઈ, 13: ભારતીય ઓટોમેકર્સ દ્વારા તહેવારોની સીઝન પહેલા ભાવ વધારાનો બીજો રાઉન્ડ જોવા મળી રહ્યો છે કારણ કે સ્ટીલ, રબર, એલ્યુમિનિયમ, કોપર, સેમિકન્ડક્ટર અને અન્ય ઈનપુટ ખર્ચમાં તીવ્ર વધારો થયો હોવાથી ઓટોમોટિવ સપ્લાય ચેઈનમાં કંપનીઓનું માર્જિન ઘટી રહ્યું છે.

નાણાકીય વર્ષ 27 ના પહેલા ભાગમાં પેસેન્જર વાહન, ટુ-વ્હીલર અને કોમર્શિયલ વાહનોની માંગ મજબૂત રહી હોવા છતાં, વધવાનું પ્રમાણ નીચું રહ્યું હોવાથી, ઉત્પાદકો માટે મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થઈ છે. તેમણે વધતા ઉત્પાદન ખર્ચનો ભાર ઉઠાવવો પડશે અથવા તેને ગ્રાહકો પર પસાર કરવો પડશે.

ઘણા ઓટોમેકર્સે તો કિંમતોમાં વધારો કરી દીધો છે, જ્યારે અન્ય લોકો કહે છે કે તેઓ વધુ વધારો કરવાનો નિર્ણય લેતા પહેલા કોમોડિટીના ખર્ચ પર નજીકથી નજર રાખી રહ્યા છે. દરમિયાન, કમ્પોનન્ટ અને ટાયર ઉત્પાદકો વાહન ઉત્પાદકો પાસેથી વધુ આવક મેળવવા માંગે છે કારણ કે તેમના પોતાના કાચા માલ, ઉર્જા, નૂર અને મજૂરી ખર્ચમાં પણ વધારો જોવા મળ્યો છે.

ટાટા મોટર્સના એમડી અને સીઈઓ ગિરીશ વાઘે જણાવ્યું હતું કે કંપનીના કોમર્શિયલ વાહન વ્યવસાય પર કોમોડિટીઝના વધતા ભાવને કારણે નોંધપાત્ર દબાણનો સામનો કરવો પડી રહ્યો છે, જેમાં એકલા સ્ટીલનો ખર્ચ લગભગ 40 ટકા છે.'''જ્યાં સુધી સેફગાર્ડિંગ ડ્યુટી દૂર કરવામાં નહીં આવે ત્યાં સુધી સ્ટીલના ભાવ ઘટશે નહીં. સ્ટીલ ખર્ચના 40 ટકા હિસ્સો ધરાવે છે. ટાયરમાં, રબરની કિંમતમાં નોંધપાત્ર ફુગાવો જોવા મળ્યો છે અને એલ્યુમિનિયમમાં પણ વધારો છે. તાંબુ ઘટી રહ્યું નથી કારણ કે ઈલેક્ટ્રિક વાહનોમાં તે વધુ તાંબાનો ઉપયોગ કરે છે. આપણે થોડા સમય માટે આ ખર્ચ સ્તરો માટે તૈયાર રહેવું પડશે," વાઘે કહ્યું. વાઘે જણાવ્યું હતું કે બીજા ક્વાર્ટર દરમિયાન કોમોડિટી ફુગાવો એક મુખ્ય અવરોધક બની રહેવાની શક્યતા છે, જો કંપની આંતરિક રીતે અસરને સરભર કરવામાં અસમર્થ રહે તો તેને ભાવ વધારો કરવાની ફરજ પડી શકે છે.

કમ્પોનન્ટ ઉત્પાદકોમાં પણ દબાણ એટલું જ તીવ્ર છે, જે સંભવિત રીતે કેસ્કેડિંગ અસર પેદા કરી શકે છે કારણ કે સપ્લાયર્સ ઓટોમેકર્સ પાસેથી વળતર માંગે છે, જે બદલામાં ગ્રાહકોને કેટલો વધારો આપી શકાય તે નક્કી કરવાનું હોય છે.

મહિન્દ્રા અને મહિન્દ્રાના સીએફઓ અમરજ્યોતિ બરુઆએ જણાવ્યું હતું કે તાજેતરના મહિનાઓમાં કોમોડિટી ફુગાવામાં તીવ્ર વધારો થયો છે, "એલ્યુમિનિયમ અને કોપર જેવા કેટલાક ભાવ હેજેબલ છે પરંતુ અન્ય સ્ટીલ અને રબર જેવા નથી. ચાલુ વર્ષે તાંબામાં 10 ટકા, સ્ટીલમાં લગભગ 24 ટકા અને રબરમાં 53 ટકાનો વધારો થયો છે. અમે સરેરાશ 1.5-2.7 ટકા ભાવ વધારો કર્યો છે. પરંતુ ફુગાવો હજુ પણ ચાલુ છે. જે હળવો થવા લાગ્યો હતો તે હવે વધી ગયો છે," બરુઆએ કહ્યું હતું.

# ભારતની ફાર્માસ્યુટિકલ્સ નિકાસ વધી $8.10 બિલિયન પહોંચી

**વેક્સિન** શિપમેન્ટમાં 35.68% નો રેકોર્ડ ઉછાળો; અમેરિકા અને યુરોપ જેવા મોટો બજારોમાં ભારતીય દવાઓની માંગમાં સતત વધારો

મુંબઈ, તા. 13: ભારતની ફાર્માસ્યુટિકલ નિકાસ નાણાકીય વર્ષ 2027 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 6.80 ટકા વધીને $8.10 બિલિયન થઈ, જેમાં રસીના શિપમેન્ટમાં 35.68 ટકાનો વધારો થયો અને જથ્થાબંધ દવાઓ અને ડ્રગ ઈન્ટરમીડિયેટ્સમાં 13.84 ટકાનો વધારો થયો હોવાનું ફાર્માસ્યુટિકલ્સ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (ફાર્મેક્સિલ) ના એક અહેવાલમાં જણાવ્યું છે.

આ વધારો મુખ્ય ઉત્પાદન શ્રેણીઓ અને નિકાસ બજારોમાં વ્યાપક વૃદ્ધિ દ્વારા જોવા મળ્યો છે. આગળ પણ આવો જ વધારો જાળવવા માટે ઉત્પાદન વૈવિધ્યકરણ, નિયમોનું પાલન અને નવા બજારોમાં વિસ્તરણ જરૂરી છે. ગયા વર્ષે એપ્રિલ-જૂનમાં ફાર્માસ્યુટિકલ નિકાસ $7.58 બિલિયન હતી. ફક્ત જૂન મહિનામાં જ નિકાસ વાર્ષિક ધોરણે 7.13 ટકા વધીને $2.81 બિલિયન થઈ, જે મે FY27 માં $2.63 બિલિયનની સરખામણીએ 6.86 ટકા વધી છે. નિકાસમાં ડ્રગ ફોર્મ્યુલેશન અને બાયોલોજિકલનો નિ મોટો ફાળો છે, જે કુલ નિકાસના 73.85 ટકા $5.98 બિલિયન જેટલી છે. આ સેગમેન્ટમાં વાર્ષિક ધોરણે 4.14 ટકા વધારો થયો છે. ત્યારબાદ બલ્ક ડ્રગ્સ અને ડ્રગ ઈન્ટરમીડિયેટમાં નિકાસ 13.84 ટકા વધીને $1.36 બિલિયન થઈ, જ્યારે રસીની નિકાસ 35.68 ટકા વધીને $0.39 બિલિયન થઈ છે.

# ટાટા મોટર્સના નફામાં 80%નું મોટું ગાબડું

**જેએલઆરના** વેચાણ તથા પુરવઠાની મુશ્કેલીઓ તથા મીડલ ઇસ્ટના તણાવની અસર જોવા મળી

મુંબઈ, તા. 13: ટાટા ગ્રુપની ઓટો કંપની ટાટા મોટર્સ પીવીના જુન કવાર્ટરના પરિણામ જાહેર થયા છે. જોકે, કંપનીના નફામાં 80 ટકાનું ગાબડું પડ્યું છે અને નફો ઘટીને રૂ. 775 કરોડ થયો છ. જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. 3875ક રોડનો હતો. જોકે, આવકમાં વૃદ્ધિ થઈ છે. કંપનીના નફામાં મોટા ગાબડાં પાછળ મીડલ ઈસ્ટના તણાવની અસર જેએલઆરના પુરવઠા અને વેચાણ ઉપર રહી હતી, જેથી નફો ઘટ્યો છે.

ટાટા મોટર્સ પીવીની આવક જુન કવાર્ટરમાં વાર્ષિક ધોરણે 9.2 ટકા વધીને રૂ. 95799 કરોડ થઈ છે. ભારતમાં મજબૂત વ્યવસાયના કારણે આવકમાં વૃદ્ધિ જોવા મળી છે. જ્યારે જેએલઆરના જથ્થાબંધ વેચાણમાં ઘટાડો થયો છે. ટાટા મોટર્સના જણાવ્યા અનુસાર જુન કવાર્ટરમાં જેએલઆર માટે પરિસ્થિતિ પડકારજનક રહી છે.

# લિંકન ફાર્માનો ચોખ્ખો નફો 31 ટકા વધ્યો

મુંબઈ, તા. 13: ભારતની અગ્રણી હેલ્થકેર કંપની લિંકન ફાર્માસ્યુટીકલ્સ લિ.એ જુન કવાર્ટરમાં રૂ. 36.223 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જે અગાઉ સમાનગાળામાં રૂ. 27.68 કરોડનો હતો. જ્યારે કંપનીની કુલ આવક રૂ. 169.34 કરોડથી વધીને રૂ. 201.55 કરોડ થઈ હતી. આમ, 19.02 ટકાનો વધારો નોંધાવ્યો છે. કંપની આગામી ત્રણ વર્ષમાં રૂ. 1000 કરોડની આવકનો લક્ષ્યાંક ધરાવે છે. કંપની વિસ્તરણ માટે પ્રતિબદ્ધ છે. વિવિધ આરોગ્ય સંભાળની જરૂરિયાતોને પહોંચી વળતી વખતે વૈશ્વિક પદચિહ્ન, ક્રિસિલ રેટિંગ્સે પુષ્ટિ કરી છે.

# સોનામાં 2,800 અને ચાંદીમાં 6,000નો મોટો ઘટાડો

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): તાજેતરના ઉછાળા પછી વેપારીઓ દ્વારા પ્રોફિટ-બુકિંગને કારણે ગુરુવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવમાં રૂ. 2,800નો ઘટાડો થઈને રૂ. 1,57,000 પ્રતિ 10 ગ્રામ પર પહોંચતા સતત સાત સત્રથી ચાલી આવતી તેજી અટકી ગઈ હતી.

99.9 ટકા શુદ્ધતા ધરાવતી આ પીળી ધાતુ બુધવારે પ્રતિ 10 ગ્રામ રૂ. 1,59,800 પર બંધ થઈ હતી.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ચાંદીમાં પણ ભારે વેચવાલી જોવા મળી હતી અને તે રૂ. 6,000 ગબડીને પ્રતિ કિલોગ્રામ રૂ. 2,40,000 (તમામ કરવેરા સહિત) પર આવી ગઈ હતી.

આ શ્વેત ધાતુ અગાઉના સત્રમાં પ્રતિ કિલો રૂ. 2,46,000 પર બંધ થઈ હતી.

એલકેપી સિક્યોરિટીઝના કોમોડિટી એન્ડ કરન્સીના વીપી રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, યુએસ ફુગાવાના હળવા આંકડાની અસર તાજેતરની તેજી દરમિયાન બુલિયન માર્કેટમાં અગાઉથી જ વણાઈ ચૂકી હતી, જેથી રોકાણકારો દ્વારા પ્રોફિટ-બુકિંગ કરાતાં ગુરુવારે સોનામાં નીચા ભાવે વેપાર થયો હતો.

આ ઘટાડાનો પડઘો આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ જોવા મળ્યો હતો. સ્પોટ ગોલ્ડ 0.43 ટકા ઘટીને 4,389.67 યુએસ ડૉલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યું હતું, જ્યારે સ્પોટ સિલ્વર મામૂલી ઘટીને 65.03 યુએસ ડૉલર પ્રતિ ઔંસ થયું હતું.

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૧૦૦ |
| એસ-૩૦ | ૫૦૦૦ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૬૯૦ |
| તેજાબી સોનું | ૧૫૭૬૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૮૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૫૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૬૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૨૩૦૦ |

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૫ | ૫૦/૩૬ '' | ૧૪૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧.૨૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૮ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૬ |
| ૬૮/૩૬ | ૧૫૧ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૫૫.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૯ | ૧૦૦ ટેક્ષ | ૧૪૭ | ૬૮ ક્રિમ્પ | ૧૫૨ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૭ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૭.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૮ | ૮૦/૭૨ રોટો | ૧૫૪.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૦ | ૮૦ ક્રિમ્પ | ૧૪૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૩ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૦ | ૮૦/૭૨ રોટો | ૧૫.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૪ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૪૬ | ૮૦/૧૦૮ '' | ૧૫૩ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૨ |

**સુરત મહાનગરપાલિકા**
**(તાપી રીવરફ્રન્ટ એન્ડ રીજુવીનેશન પ્રોજેક્ટ)** FIT INDIA

આ સાથે જણાવવામાં આવે છે કે સ્ટેટ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ અસેસમેન્ટ ઓથોરિટી (SEIAA) ના ગુજરાત પર્યાવરણીય મંજૂરી પત્ર ક્રમાંક SIA/GJ/INFRA2/514898/86501/2024, તા.૨૦/૦૬/૨૦૨૬, થી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રસ્તાવિત તાપી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ એન્ડ રીજુવીનેશન પ્રોજેક્ટ માટે Environment અને CRZ Clearance મળેલ છે. જેની નકલ Ministry of Environment, Forest and Climate Change (MoEF&CC) ની વેબસાઈટ https://parivesh.nic.in ઉપર તથા ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, પરિવેશ ભવન, સેક્ટર ૧૯-એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦ ખાતે ઉપલબ્ધ છે.

સ્થળ : સુરત, ગુજરાત
તારીખ : ૧૩/૦૮/૨૦૨૬ — ઈ.ચા. સીટી ઈજનેરશ્રી (SMC) અને
નં. પી.આર.ઓ/૧૮૨/૨૦૨૬-૨૭ — ડાયરેક્ટરશ્રી (TRFDCL)

**નિવિદા નં.૦૯/૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા×મ) વિભાગ તાપી-વ્યારા જીલ્લા સેવા સદન, બ્લોક નં.૧૦, પ્રથમ માળ, વ્યારા, ફોન નં. (૦૨૬૨૬) ૨૨૦૦૮૧ ની કચેરી તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબના કામો ઓન-લાઈન ઈ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે.

(૧) ન્યુ ગુજરાત પેટર્ન ૨૦૨૪-૨૫ : યોજના હેઠળ ઉકાઈ તાલુકાના ગુણસદા આરાધના છાત્રાલય ખાતે શેડ અને ડાયનીંગ હોલ (એક્ષટેન્શન)નું કામ. એમ કુલ ૦૧ પેકેજના કામની અંદાજી રકમ રૂા.૧૭.૭૨ લાખની છે.

(૨) ચોથા પ્રયત્ન આઈ.સી.ડી.એસ. ૨૦૨૬-૨૭ : યોજના હેઠળ સોનગઢ તાલુકાના જંગલ આમલપાડા ખાતે આંગણવાડીનું કામ. એમ કુલ ૦૧ સિંગલ કામની અંદાજી રકમ રૂા.૧૧.૯૬ લાખની છે.

જે કામો માટે ઈ-૧ અથવા ઉપરના રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદાર પાસેથી ઓન-લાઈન ઈ-ટેન્ડરીંગથી ભાવો માંગવામાં આવે છે. જેની બાનાની રકમ ટેન્ડરની અંદાજી રકમના ૧% અને ટેન્ડર ફી રકમ રૂા.૯૦૦/- ની રહેશે. આ નિવિદાની સંપૂર્ણ વિગતો https://tender.nprocure.com ઉપર જોવા મળશે. ટેન્ડર ઓન-લાઈન સબમીશનની છેલ્લી તા.૧૭/૦૮/૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધી. અને ટેન્ડર ઓન-લાઈન ખોલવાની તા.૧૮/૦૮/૨૦૨૬ સમય ૧૧:૧૦ કલાકે. ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.પોસ્ટ એડીથી મોકલવાની છેલ્લી તા.૨૭/૦૮/૨૦૨૬ સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા×મ) વિભાગ, તાપી-વ્યારા રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાના રહેશે.
ટેન્ડર અન્ય શરતો તથા સુધારા-વધારા વેબસાઈટ પર ઓન-લાઈન જોઈ શકાશે.

કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા×મ) વિભાગ
ક્રમાંક : માહિતી-સૂરત/૪૮૬/૨૦૨૬ — વ્યારા-તાપી

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**જોઈએ છે**
ઓફિસકામ માટે લેડીઝ, પેન્ટ્રી ઓર ઓફિસ સફાઈ, એડ્રેસ: મોડર્ન મેટાલીક પ્રાઈવેટ લિમિટેડ, 346થી 348 યુનિટી સ્ટેટ, બાટલીબોય કંપનીની બાજુમાં, ભેસ્તાન, 9825344188

**નર્સિંગ સ્ટાફ**
જોઈએ છે અનુભવી/બિનઅનુભવી નર્સિંગ સ્ટાફ જોઈએ છે. ભટારરોડ, સુરત. ટેલિફોન: 9328076609

**જોઈએ છે.**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અનુદાનિત શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંસ્થામાં ટી.આઈ પ્રોજેકટ માટે સ્ટાફના ફિક્સ પગારથી ઈન્ટરવ્યૂ રાખેલ છે. પોસ્ટ: આઉટ રીચ વર્કર (3) લાયકાત: 12 પાસ અથવા સ્નાતક વેતન 10500/- TA 1500/- ઈન્ટરવ્યૂ તારીખ - 19/08/2026 સમય 11 થી 1 ઈન્ટરવ્યૂ સ્થળ - શ્રી રામકૃષ્ણ ચેરિટેબલ ટ્રસ્ટ, C/o. વી. એન ગોધાણી સ્કૂલ, કતારગામ ,સુરત (મો. નં 79845 94100) (258)

**જોઈએ છે**
રસોઈ બનાવી શકે તેવા બહેન MO:- 9265609650 (256)

**ટેલીસેલ્સ ગર્લ જોઈએ**
છે* ગાર્મેન્ટ્સ કંપની માટે ટેલીસેલ્સ ગર્લની જરૂર છે. ગુજરાતી/હિન્દી સારી રીતે બોલી શકે તથા ફોન પર ગ્રાહકો સાથે વાતચીત અને ફોલોઅપ કરી શકે તેવી ઉમેદવાર જોઈએ. ફ્રેશર તથા અનુભવી બંને અરજી કરી શકે. *સરનામું:* જાપાન માર્કેટ, દિલ્હી ગેટ, સુરત *સંપર્ક:* 9725157797

**ફિઝિયોથેરાપી ક્લિનિક**
માટે લેડીઝ, જેન્ટ્સ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

**વરાછામાં કામ**
કરવા માટે પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય 9:00 થી 7:00 MO: 9889009533

**લગન વિષયક**

**૧૯૯૦ નવેમ્બર**
MTech અપરણિત વૈષ્ણવ યુવક સર્વિસ Asst. Professor- Parul Univeristy વડોદરા (શિક્ષિત કન્યા) વાલી સંપર્ક કરે Mobile:- ૮૯૮૦૩૧૧૭૮૭ (253)

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઓપન પ્લોટ**
SMCની હદમાં જહાંગીરાબાદ D-MART થી તદ્દન નજીક, સુરત
રિઝનેબલ ભાવે
સંપર્ક કરો
9825233063

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

**લાઈફ હિંચકાના**
કડાં, અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફીટીંગ: 8460222292, 8460222282

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**JOY N JOY TRAVELS**
2014થી ભુતાન પ્રવાસનું શ્રેષ્ઠ આયોજન સાથે 3 સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર/ જેપેનીઝ કોસ્ટર, દિવસ- 8. તારીખ- 12-11-2026.જાણીતું અનુભવી નામ:- બંકીમ મહેતા. સંપર્ક: 9429507723

**જૂના જાણીતા રાજુ**
મોદી. કેરેલા, કન્યાકુમારી, રામેશ્વર, મદુરાઈ, કોડાયકેનાલ, પદ્મનાભમ, અદ્રપલ્લી દિવસ 13, ઉપાડશે 11 સપ્ટેમ્બર (જૂજ સીટ બાકી) દિવાળી બુકિંગ શરૂ. કાશ્મીર, હિમાચલ, સિક્કિમ આંદામાન આસામ મેઘાલય સ્ટારહોટલ, બ્રેકફાસ્ટ, ડિનર. વરદાન ટ્રાવેલ્સ 9374512979 ફલાઈટ ટ્રેન માટે આજેજ બુકિંગ કરાવી ડિસ્કાઉન્ટ મેળવો. (Urbania 16 સિટર સ્લીપર કોચ ગાડી ભાડે મળશે) (257)

**મહાદેવ ટુર**
એન્ડ ટ્રાવેલ્સ. (શ્રાવણમાં પાંચ, 12 મહાદેવ), (કાવી કંબોઈ સ્તંભેશ્વર મહાદેવ, કાયાવરોહણ, નારેશ્વર) (ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર, ઘૃષ્ણેશ્વર) 7802062340 (259)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે દ્વારા, ચારધામ- બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, હરિદ્વાર, ચોક્કસ ઉપડશે. તારીખ- 9/9, 10/10, 21/10. દિવસ- 15. દિવાળીમાં પ્રવાસો, તારીખ- 11/11/2026. (1) દક્ષિણ ભારત, શ્રીશૈલમ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી, દિવસ- 13/14 (2) દક્ષિણ ભારત કેરેલા સાથે, દિવસ- 18. (3) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેંગટોક, નેપાળ. દિવસ- 18/19 અને દિવસ-12, (4) બનારસ, અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, દિવસ- 12. પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, ચા- નાસ્તો, બે ટાઈમ ભોજન, દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**સાગર- 9427113317**
સોમનાથ, દ્વારકા, સારંગપુર, (શુક્ર, શનિ, રવિ) ધુષ્ણેશ્વર, ભીમાશંકર, ત્રંબકનાથ, શિરડી,

**મિલ્કત ભાડેથી**

**રહેઠાણ, ગોડાઉન**
લાયક જગ્યા ભાડે આપવાની છે: ગ્રા.ફ. ઉધના દરવાજા પાસે ખટોદરા કોલોની 9586264064

**શેડ (પાનોલી)**
ભાડેથી આપવાનો પાનોલી જીઆઈડીસીમાં મેઈન રોડ ટચ (2400) સ્કવેર ફિટનો ઈન્ડસ્ટ્રિયલ શેડ પાવર/ પાણી સાથે ભાડેથી આપવાનો છે મળો 9909945465

**મિલ્કત વેચવાની છે**

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*